## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તું ચિંતા ના કર... જો, એફ ડી આઈમાં પશુપાલનને પ્રાધાન્ય આપ્યું છે... હવે તમારે આવી દેશી ગંદી બકરીની જગ્યાએ... સુવાળી સફેદ બકરી ચરાવવાની આવશે...

# આદિવાડા ગામના માર્ગોને દબાણનું ગ્રહણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સમાવિષ્ઠ ગામ આદિવાડા ગામને દબાણનું ગ્રહણ લાગ્યું છે. આ ગ્રહણ એટલી હદે લાગી ગયું છે કે ગામના વર્ષો જુના પુરાણા માર્ગો પણ અદ્રશ્ય થઈ ગયા છે. ગામની કોઈ વ્યકિત બિમાર પડે તો એમ્બ્યુલન્સ પણ અંદર જઈ શકે તેવી સ્થિતિ નથી. ગામમાં માત્ર બાઈક જઈ શકે તેટલી પાતળી પટ્ટીના માર્ગો રહ્યા છે. દબાણને લઈ ગામલોકો પણ ચિંતિત બન્યા છે.

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન યથાવત રહેવા પામ્યો છે. દબાણ રાત્રે ના વધે તેટલું દિવસે વધવા પામે છે. શહેરનું દબાણ હવે શહેરના સમાવિષ્ઠ ગામોમાં પણ પ્રસરી ગયું હોય તેવુ લાગી રહ્યું છે. ધોળાકુવા, ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, અને ફતેપુરામાં દબાણનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બનતો જાય છે.ગામમાં પહેલા વસ્તી હતી તેનાથી ત્રણ ગણી વધી જવા પામી છે.

તમામ ગામોમાં ગ્રામજનો કરતા અન્ય રાજયના વસાહતીઓ વધી જતા દબાણો પ્રશ્ન ઉદભવ્યો હોવાનુ પણ કેટલાક ગ્રામજનો માની રહ્યા છે. પોતાની જમીન ગાંધીનગર નિર્માણમાં ગઈ તેથી ગામતળની જમીન વધી નથી. ગામના નાગરીકો પોતાના બાળકો લઈ ને જાયે તો જાયે કહા જેવો ઘાટ ઘડાયો છે. ગામમાં રસ્તા દિનપ્રતિદિન સાંકળા બનતા જાય છે. એક જાગૃતના નાગરીકના જણાવ્યા મુજબ ગામમાં પહેલા પાકા રસ્તા હતા જયારે અત્યારે ઉબડખાબડ છે.

પહેલાના સમયમાં ટ્રક ગામના માર્ગે થઈને જે ગ્રામજનના ત્યાં લઈ જવી હોય ત્યા જતી હતી. તેટલા પહોળા માર્ગો હતા. પરંતુ સમયાંતરે ગામમાં દબાણનું ગ્રહણ લાગતા રસ્તા સાંકળી શેરી જેવા થઈ ગયા છે. તેમજ માર્ગો પર ઉકરડા ઉભા થયા છે. ગામના રહીશોને પસાર થવુ હોય તો પણ મુશ્કેલી વેઠવી પડે છે. જયારે ઘણા ખરા માર્ગો તો ભુતકાળ બની જવા પામ્યા છે. આદિવાડા ગામને દબાણે અજગરી ભરડો લેતા રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે ગામમાં ચાલવાના માર્ગો પણ સ્થાનિકો રહેવા દેશે કે કેમ તે અંગે ગામલોકો પણ ચિંતિત જણાયા છે.

## એસ.બી. પટેલ કન્યા શાળાનું ૮૮.૫૯ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું એચએસસી બોર્ડનું પરિણામ ૮૮.૫૯ ટકા આવ્યુ છે.

શાળાની ૧૪૯ વિદ્યાર્થીનીઓમાંથી ૧૩૨ વિદ્યાર્થીનીઓ ઉત્તિર્ણ થઈ છે. જેમાં ગૃપ-બીમાં નિશી બી. પટેલે ૯૭.૫૧ ટકા પર્સન્ટાઈલ સાથે એ-ટ૨ રેન્ક મેળવ્યો છે, હિના આર. જોષીએ ૯૫.૨૬ ટકા પર્સન્ટાઈલ સાથે દ્વિતિય અને દૃષ્ટિ એમ. પટેલે ૯૪.૪૯ ટકા પર્સન્ટાઈલ ગુણ સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

એ-ગ્રુપમાં સપના એ. સોલંકીએ ૯૫.૬૫ ટકા પર્સન્ટાઈલ સાથે પ્રથમ, કોમલ જે. મહેરિયાએ ૮૫.૫૭ ટકા પર્સન્ટાઈલ સાથે દ્વિતીય અને માનસી કે. ભેડાએ ૮૨.૯૪ ટકા પર્સન્ટાઈલ સાથે તૃતીય સ્થાન મેળવ્યુ છે.

## ખૂણે ખાંચરેથી...

● સ્માર્ટસીટી મિશનની એક વર્ષની ઉજવણી પૂના ખાતે થનાર છે તેનું જીવંત પ્રસારણની ગાંધીનગર મનપાના દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ પણ છેવાડાના સેક્ટરોમાં વરસાદી ઝાપટુ પડ્યુંહતુ.

● ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં રખડતા પશુઓની સમસ્યા ઘેરી બની રહી છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દેસાઈ તાલિમમાં જતાં તેમનો ચાર્જ ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રીબેન દેવાંગનને સોંપવામાં આવ્યો છે જે તેમણે સંભાળી લીધેલ છે.

● ન્યુ સચિવાલય ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પાંચ બેઠક માટે આજે મતદાન થવાનુ છે. નવ ઉમેદવારો આ જંગમાં છે અને ૧૫૦૦થી વધુ મતદારો છે.

● ભાજપની પ્રદેશ કારોબારીના પગલે આજે સચિવાલય સુમસામ લાગતુ હતુ.

● મહેસાણાની ભાજપ પ્રદેશ કારોબારીમાં ગાંધીનગર મનપામાં ભાજપના થયેલા વિજયને વધાવવામાં આવ્યો હતો.

● રથયાત્રાને લઈ આજે રાજ્યના ગૃહ વિભાગે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

# શહેરના વોર્ડ-૭ ના સરકારી દવાખાના શરુ કરવા કોર્પોરેટરની રજુઆત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૭ માં આવેલ



સરકારી દવાખાના વર્ષોથી બંધ રહેતા ખંડેર જેવા થઈ ગયા છે. સરકારી દવાખાનું હોવા છતા સ્થાનિક રહીશોને અન્ય સેકટરમાં આવેલ ખાનગી કલીનીકમાં સારવાર અર્થે જવુ પડે છે. વોર્ડ નં-૭માં સરકારી દવાખાના બંધ રહેતા હોવાથી રહીશોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે વસાહતીઓને પડતી તકલીફને ધ્યાને લઈ વોર્ડ નં-૭ના કોર્પોરેટરે જાળવણીના અભાવે મૃતપાય દવાખાના શરુ કરી ઉપયોગમાં લેવાય તે અંગે તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે સેકટરમાં વસવાટ કરતા વસાહતીઓ માટે સેકટરમાં જ સરકારી દવાખાનાની સવલત ઉભી કરાઈ છે. નગરના સેકટરોમાં આવેલા મોટાભાગના સરકારી દવાખાનામાં મેડીકલ ઓફીસર ફરજ બજાવતા હતા. જે તે સમયે સેકટરના સ્થાનિક રહીશો સરકારી દવાખાનામાં આરોગ્યની ચકાસણી માટે, તાવ, શરદી-ખાંસી, ઝાડા-ઉલ્ટી સહિતના દર્દીઓ દવા લેવા માટે ડોકટર પાસે જતા હતા. ત્યારે શહેરના દવાખાના ધમધમતા હતા. પરંતુ સમયાંતરે વસાહતીઓએ દવાખાના તરફથી મોં ફેરવી લેતા સરકારી દવાખાના ખાલીખમ લાગવા માંડ્યા. ડોક્ટર અને સ્ટાફના માણસોને બેસીને ટાઈમ પસાર કરવાનું પણ અઘરુ બની ગયુ હતું. તંત્ર દ્વારા જાળવણીના અભાવે અત્યારે હાલના સમયે નગરના મોટાભાગના સરકારી દવાખાના મૃતપાય હાલતમાં છે. ત્યારે નગરના સેકટર - ૩ અને ૫ ના સરકારી દવાખાનાને ફરીવાર સજીવન કરવા માટે વોર્ડ નં - ૭ ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલાએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે કારમી મોંઘવારીમાં આરોગ્યલક્ષી સારવાર ખુબ ખર્ચાળ



થાય છે. ત્યારે સે- ૩ અને સે-૫ના દવાખાનાને મૃતપાય હાલતમાંથી બેઠુ કરવામાં આવે અને ફરીવાર ધબકતુ થાય તો સેકટરના સ્થાનિક રહીશો અને અન્ય સેકટરના નાગરીકોને દવાખાનાનો લાભ મળી શકે છે. વોર્ડ નં-૭ના સરકારી દવાખાના સત્વરે શરુ કરવા તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

# ટાઈપરાઈટર મશીનની શોધને ૧૬૦ વર્ષ પૂર્ણ

ગાંધીનગર, તા.૨૨

કોમ્પ્યુટર અને મોબાઈલ વોટસએપ જેવી ઝડપી અને અધ્યતન સેવાઓએ જયારે સમાજ પર ભરડો લીધો છે. ત્યારે પણ કોમ્પ્યુટરની માસી અને તેના પૂર્વજોમાં સમા ટાઈપરાઈટરનો ખખડાટનો અવાજ હજુ પણ ગુંજતો રહે છે. અને જરુરમંદ નાગરીકોને કોર્ટ, કચેરી,માં આર્શીવાદરુપ બની રહે છે. ત્યારે ટાઈપરાઈટરનો જન્મદિન ગાંધીનગરના સિનિયર સિટીઝન ગાંધીનગર શહેર વસાહત મહામંડળના નેજા હેઠળ પ્રતિવર્ષની જેમ યાદ રાખીને ઉજવે છે. સૌ પોતાના બાળકો તેમજ માતા-પિતાના જન્મદિન તો ઉજવે છે પરંતુ આવી સુંદર જુની શોધને યાદ રાખીને તેનો જન્મદિન ઉજવે તે જ ખરા અર્થમાં આજની નવી પેઢીને રાહ ચિંધનાર બની રહે છે.

અસ્તિત્વમાં આવતા મહદઅંશે ટાઈપરાઈટરનો ઉપયોગ ક્રમાનુસાર ઘટતો ઘયો હતો આમ છતા હાલની સ્થિતિએ અદાલતોમાં ટાઈપરાઈટરનો ટ્રેન્ડ હજુ યથાવત છે. હાલની સ્થિતિએ ગુજરાત હાઈકોર્ટમાં ૪૫, ગાંધીનગર જિલ્લા ન્યાયાલયમાં ૮૦, મિરઝાપુર કોર્ટમાં ૧૪૫ અને સિવિલ કોર્ટ ભદ્રમાં આશરે ૨૪૦ જેટલા ટાઈપ રાઈટર મશીનો સાથે ધમધમી રહ્યા છે જેને આધારે બેરોજગારોને પણ રોજીરોટી રળવાની તક મળી છે. આ ઉપરાતં તિજોરી કચેરી તેમજ રાજયની નાની મોટી અદાલતોમાં પણ હજુ ટાઈપરાઈટરનું સ્થાન યથાવત જોવા મળી રહ્યું છે. બીજી તરફ શહેર વસાહત મહામંડળ અને તેના પદાધિકારીઓ પણ મશીનની યાદ જીવંત રાખવા મથી રહ્યા છે. ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ



સતાવાર રીતે સન ૧૮૬૭માં ક્રિસ્ટોફર લાથમ શોલેસ દ્વારા ટાઈપરાઈટરની સોધ નોંધાયાની તવારીખ છે. સને ૧૮૭૩માં આ માટે રેમીગર્ટન આર્મ્સ કંપની દ્વારા તેને બજારમાં મુકવામાં આવ્યું હતું. પરંતુ તેના પહેલારાઈટીંગ મશીને તરીકે સન ૧૭૧૪માં ઈંગ્લેન્ડમાં હેનરીમિલ દ્વારા એક પેટન્ટની નોંધણી થઈ હતી. યાંત્રિક અને વિધુત ચુંબકીય પધ્ધતિથી બનાવેલ આ મશીનમાં ચાવીઓની હારમાળા હીત. અને તેને દબાવવાથી કાગળ પર તે અક્ષરની છાપ ઉપસતી હતી. ૨૦ મી સદીમાં તમામ કચેરીઓમાં, ધંધાદારી,લેખકો,માટે આ મશીન અનિવાર્ય બની ગયું હતું. પરંતુ સદીના એટલે કે ૧૯૮૦માં કોમ્પ્યુટર

અરુણ બુચે નગરના પ્રશ્નોને વાચા આપવા ટાઈપરાઈટરની મદદથી ૪૫૦૦૦ થી વધુ પત્રો ટાઈપ કર્યા છે. આ ઉપરાતં મહામંડળના મયુર વ્યાસે પણ અંગ્રેજી ટાઈપીંગમાં ૮૦૦૦ પત્રો ટાઈપ કરી પ્રશ્નોને વાચા આપી છે. મહામંડળના કિશોર જીકાદરા પણ ટાઈપરાઈટરનો ઉપયોગ કરે છે. વધુમાં ટાઈપનું મશીન બગડે તો નગરમાં રહેતા ૮૬ વર્ષિય અરવિંદ પરીખની સેવાનો લાભ લેવામાં આવે છે. તેઓ પણ મશીન ને જીવંત રાખવા મથી રહ્યા છે. આવા જુના પુરાણા પરંતુ સંશોધકોને રાહ ચીંધનારા ટાઈપ મશીનને હેપી બર્થ ડે કરી ચાલો સાથે મળીને ચાલો નવાજીએ. અને આ યુગમાં પણ ટાઈપનું કામ કરતા સૌને અભિનંદન...



## આર.એન. પટેલ પ્રા. શાળામાં યોગ દિવસ ઉજવાયો

શ્રીમતી આર.એન. પટેલ પ્રાઈમરી સ્કૂલમાં તા. ૨૧ના રોજ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી તેમાં શાળાના આચાર્ય સુપરવાઈઝર અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં શાળાના આચાર્યએ યોગથી થતા ફાયદા વિશે વિદ્યાર્થીઓને સમજ આપી અને કહ્યું કે 'કરો યોગ રહો નિરોગી' ધો. ૪ થી ૮ના વિદ્યાર્થીઓએ યોગાસન કર્યા હતા. શાળાના પી.ટી. શિક્ષક પટેલ મનીષાબેને પાર્થનાના મનોભાવથી યોગની શરૂઆત કરાવી હતી. કપાલભાતિ, અનુલોમ-વિલોમ, પ્રાણાયામ પાદહસ્તાસન, અર્ધચક્રાસન, વક્રાસન, ભદ્રાસન, વજાસન, અર્ધઉષ્ટાસન, ઉષ્ટ્રાસન, શશાંકાશન, ચક્રાસન, વક્રાસન, ભુજંગાસન, પવનમુક્તાસન, જેવા વિવિધ યોગાસન વિદ્યાર્થીઓને કરાવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક યોગાસન કર્યા અને છેલ્લે સૌએ સેકલ્પ લીધા હતા.

# વાવોલના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા યોગનો વિશેષ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

બ્રહ્માકુમારી વિદ્યાલયના વાવોલ સેવા કેન્દ્ર દ્વારા યોગ દિન નિમિત્તે ભારતના પ્રાચીન યોગ જેને રાજયોગ કહેવાય છે તે રાજયોગના અભ્યાસ દ્વારા વિશ્વમાં શાંતિના પ્રકમ્પનો ફેલાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ યોગાનુભૂતિ કરાવવા આવેલ બ્રહ્માકુમારી ધ્વનિબહેને જણાવ્યું હતું કે એક સમય હતો જયારે આ ભારત દેવોની ભૂમિ હતી ત્યારથી યોગનું મહત્વ છે. આજે ક્રોધ, નફરત, નિંદા, ઈર્ષ્યાથી તેમજ મોબાઈલ અને અશુધ્ધ ભોજનથી આપણી શકિતઓ નષ્ટ થઈ રહી છે તે પ્રેકટીકલ ઉદાહરણ દ્વારા બતાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાવોલ સેવાસ્થાનના બ્રહ્માકુમારી હંસાદીદી, સે-૨૬ સેવાસ્થાનના બ્રહ્માકુમારી ધર્મિષ્ઠાદીદી, સે-૩ સેવાસ્થાનના બી.કે. સુનીતાદીદી, પેથાપુર સેવાસ્થાનના બી.કે. શલ્પાદીદીએ રાજયોગનો અભ્યાસ કરાવ્યો. સાથે સાથે સાઈન્ટીસ્ટ બી.કે. કશ્યપભાઈ, જીઈબીના ઓફીસર બી.કે. રમેશભાઈ, બી.કે. ઈન્દ્રવદનભાઈ મેમ્બર સેક્રેટરી ખાદીગ્રામ ઉદ્યોગ- અમદાવાદ, ઉદ્યોગપતિ બી.કે. દશરથભાઈ તથા બી.કે. સ્મિતાબહેન દ્વારા દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૩૫૦ જેટલા ભાઈ બહેનોએ રાજયોગનો લાભ લીધો હતો.

# મોંઘવારી સામે કોંગ્રેસના આંદોલનાત્મક કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૨૨

કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકારના અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચારરી શાસનને લીધે બેફામ વધેલી કારમી મોંઘવારીનો વિરોધ કરી પ્રજાના પ્રાણપ્રશ્ને કોંગ્રેસ પક્ષ સતત એક સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમ આપશે. તેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૨૩-૬-૨૦૧૬ સાંજે ૫.૦૦ કલાકે શાકમાર્કેટ સે. ૨૧, ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા અને શહેર મહિલા કોંગ્રેસ દ્વારા દેખાવો યોજવામાં આવશે. ત્યારબાદ તા. ૨૪-૬-૨૦૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શિક્ષણણના વેપારીકરણ સામે એનએસયુઆઈ, યુવક કોંગ્રેસ દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ડી.ઈ.ઓ. કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

આ બંને કાર્યક્રમો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ નિરીક્ષક બલવંતસિંહ રાજપૂત, રમેશભાઈ દેસાઈ, ધારાસભ્યઓ, તાલુકા પંચાયત પ્રમુખો, જિલ્લા પંચાયતના સદસ્યો-ચેરમેનો સહીત અન્ય વરિષ્ટ આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાશે. તેમ યાકુબભાઈ મન્સુરીએ જણાવ્યુ છે.

# ભારતીય પશુ ચિકિત્સા પરિષદ દ્વારા આયોજિત પ્રિ-વેટરનરી ટેસ્ટનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય પશુચિકિત્સા પરીષદ દ્વારા પસુચિકિત્સાના સ્નાતક કોર્ષ માટેની ઓલ ઈન્ડિયા પ્રિ-વેટરનરી ટેસ્ટ-૨૦૧૬ (AIPVT) તા. ૧૪ મેના રોજ યોજાઈ હતી. આ પરીક્ષાનું પરિણામ આજે તા. ૨૦મી જૂનના રોજ કેન્દ્રના કૃષિ અને કૃષક કલ્યાણ વિભાગના રાજયકક્ષાના મંત્રી દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષાનું પરિણામ www.aipvt.nic.in પર જોઈ શકાશે.

ભારતીય પશુચિકિત્સા પરિષદ ઈન્ડિયન વેટરનરી કાઉન્સિલ એક્ટ હેઠળ સ્થપાયેલી એક વૈદ્યાનિક સંસ્થા છે. જે વેટરનરી પ્રેકટીસ અને વેટરનરી શિક્ષણ માટે જવાબદાર છે. ભારતીય પશુચિકિસ્તા પરીષદ દ્વારા ૧૯૯૫થી AIPVT યોજવામાં આવે છે અને વર્ષ ૨૦૦૦માં ઉમેદવારોની સંખ્યા ૧૪૬૬૫ હતી તે વધીને ચાલુ વર્ષે ૨૦૧૬માં ૮૪૦૧૨ થઈ છે. ગુજરાતમાંથી ચાલુ વર્ષે કુલ ૨૦૯ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેમ પશુપાલન નિયામક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા મેગા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬માં લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૮ મો મેગા આઈ ચેક-અપ કેમ્પનું આયોજન માણસા તાલુકાના ચરાડા ગામે શ્રી કે. જી. હાઈસ્કુલમાં રાખવામાં આવ્યું હતું. જેમાં ૨૧ જેટલાં મોતીયાના સફળ ઓપરેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા આગામી વર્ષે ૧૦૦ વર્ષ પૂર્ણ થનાર હોવાથી કલબ દ્વારા વિવિધ સેવાકીય કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. ૧૦૦ વર્ષથી "સાઈટ ફર્સ્ટ"ને કાયમી સ્થાન આપવામાં આવેલ છે અને ચાલુ વર્ષે લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા પણ સાઈટ ફર્સ્ટને પ્રાધાન્ય આપીને કુલ ૮ કેમ્પમાં લગભગ ૪૮૦૦ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે. જેમાં લગભગ ૨૨૭ જેટલાં મોતીયાના સફળ ઓપરેશન કરવામાં આવેલ છે. વર્ષમાં કલબ દ્વારા આંખની તપાસ કરી મોતીયાના નિશુલ્ક ઓપરેશન કરીને નેત્રમણિ પણ મુકી આપવામાં આવે છે. મોતીયાના દર્દીઓને દરેક કેમ્પમાં તેઓના ઘરેથી અમદાવાદ લાયન્સ આંખની હોસ્પિટલ (ઓગણજ) લઈ જઈને ઓપરેશન કરી નેત્રમણિ મુકીને દર્દીને પુનઃ તેઓના ઘરે પરત મુકી જવાની સેવા પુરી પાડવામાં આવે છે. હોસ્પિટલમાં રહેવા તેમજ જમવાની તથા અન્ય મેડીકલ તપાસની કોઈપણ જાતની ફી દર્દી પાસેથી વસુલવામાં આવતી નથી. ગામે ગામ આ પ્રવૃત્તિને ખુબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. લાયન્સ કલબ પ્રમુખ ડૉ. જયંતિભાઈ એસ. પ્રજાપતિએ જણાવ્યું છે.





## દેવમુવાડા ખાતે જોખમી સગર્ભા માતા કેમ્પ યોજાયો

દહેગામ તાલુકાના દેવમુવાડા ખાતે તાલુકો હેલ્થ કચેરીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જોખમી સગર્ભા માતા તપાસણી કેમ્પનું સફળ આયોજન થયુ હતુ. આ કેમ્પમાં પંથકની લગભગ ૫૯ જેટલી સગર્ભા માતાઓએ ભાગ લેતાં ડૉ. ચિરાગ પટેલ તથા ડૉ. આતીશ પંડ્યાએ તેમની તપાસણી કરી હતી. જેમાં એચબી બ્લડ ગૃપ અને એચઆઈવીની તપાસ કરાઈ હતી. જિલ્લાના રોગચાળા અધિકારી ડૉ. જયેશભાઈ તથા તાલુકા હેલ્થ ઓફીસર ડૉ. આર.કે. પટેલ ખાસ હાજર રહી તમામ માતાઓએ સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવાની કાળજી વિશે માહિતીગાર કર્યા હતા. સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમમાં સર્વોપરી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મનોજ બ્રહ્મભટ્ટ દ્વારા સગર્ભા બહેનોને પૌષ્ટીક આહાર રૂપે શીરો તેમજ કેળા આપ્યા હતા. આ કેમ્પમાં ડૉ. અતુલ પંડ્યા તેમજ આરબીએસ કે એમઓ ડૉ. નિકેશભાઈએ પૂરતો સહકાર પૂરો પાડ્યો હતો. આ કેમ્પનું સફળ આયોજન કરી સગર્ભા માતાઓને સંતોષ થાય તેવી કામગીરી કરવામાં લેબ ટેક અશોક પટેલ, ફાર્માસીસ્ટ જયેશ પટેલ સહિતના તાલુકા હેલ્થ કચેરીના કર્મચારીઓ પીએસસીના કર્મચારીઓ તથા દેવમુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.